
# સમાજ અને ધર્મનો ઉદ્ભવ

લેખક: કે. પી. શાહ



# સમાજ અને ધર્મનો ઉદ્‌ભવ

કે. પી. શાહ

: પ્રકાશક :

કુસુમ પ્રકાશન

૬૧/એ, નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭
ફોન નં. ૪૧૦૯૫૯

* સમાજ અને ધર્મનો ઉદ્દ્ભવ

* લેખક : કે. પી. શાહ

* © કે. પી. શાહ
અનસૂયા ગૃહ, નહેરુ માર્ગ, જામનગર–૩૬૧૦૦૮

* પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૯૧

* મૂલ્ય : સદ્દ્ભાવ

* પ્રકાશક :
સુકુન્દ પી. શાહ
કુસુમ પ્રકાશન
૬૧/એ, નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭

* મુદ્રક :
મનીષ એમ. ચાંપાનેરી
જયશ્રી પ્રિન્ટર્સ
૧૦૫૧. નવી પોળ, શાહપુર,
અમદાવાદ ટે. નં. ૨૩૩૫૫, ૨૪૭૦૧

# લેખકના બે બોલ

અહીં જે ચિંતન આલેખ્યું છે તે કોઈ ધર્મગ્રંથ કે ઇતિહાસના આધારે કર્યું નથી, માત્ર મનો–વિજ્ઞાનના અનુભવથી કર્યું છે. એટલે તેમાં લેખકની માન્યતા આવી જવાનો સંભવ રહ્યો છે. પણ શક્ય તેટલો તટસ્થ અને મધ્યસ્થ ભાવ જાળવવા સતત જાગૃતિ રાખી છે. છતાં તેનો નિર્ણય તો સુજ્ઞ વાચક વર્ગ કરી શકે. આ ચિંતન ગમે તેવું છે તેવું જાણવા મળશે તો આ પ્રકારનું ચિંતન આલેખવા પ્રોત્સાહિત થઈશ.

અનસૂયા ગૃહ
નહેરુ માર્ગ,
જામનગર–૮.
તા. ૯–૨–૯૧

લિ.
કે. પી. શાહ

□

# પ્રકાશકીય

આ પુસ્તિકાના લેખક શ્રી કે. પી. શાહે પુસ્તિકાની શરૂઆતમાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ એક આધુનિક આશ્રમનો ખ્યાલ આપ્યો છે અને પછી આશ્રમના સ્વામીજી સંપૂર્ણાનંદજી સ્વામી પોતાના પ્રવચનમાં જિજ્ઞાસુ શ્રોતાજન સાથે સંવાદરૂપી શૈલીથી માનવજાતિમાં "સમાજનો ઉદ્‌ભવ ક્યારે અને કેવી રીતે થયો હશે" અને એ સમાજમાં "ધર્મનો ઉદ્‌ભવ ક્યારે અને કેવી રીતે થયો" એ મનોવૈજ્ઞાનિક ઢબે સમજાવવા પ્રયત્ન કરે છે તે ઘણો સ્તુત્ય છે. તેની ન્યાય અને તર્કબદ્ધ રજૂઆત ઘણી અસરકારક અને સ્વીકાર્ય થઈ રહે છે. આથી સમાજમાં અસામાજિક કાર્યો કરતા લોકોને બોધપાઠ મળે છે કે તેઓ પોતાનાં કાર્યોથી સમાજને નબળો બનાવી રહ્યા છે અને સદાચાર સેવતા લોકોને આથી પોતાના વિચારોમાં પુષ્ટિ મળે છે અને સમાજને વિકાસની કેડીએ આગળ ધપાવવામાં પોતાનો ફાળો આપ્યાનો સંતોષ અનુભવાય છે. એટલે એકંદરે આ પુસ્તિકા સમાજજીવનને વધુ મજબૂત બનાવશે અને લોકોને ધર્માભિમુખ બનાવશે એવી આશા રાખીએ છીએ.

ટૂંકમાં લેખનનો સારાંશ એ છે કે :—"સમાજ-સ્વાસ્થ્યનો પાયો સદાચાર છે. ધર્મ તેના પરની ભવ્ય ઈમારત છે."

કુસુમ પ્રકાશન<br>અમદાવાદ ૩૮૦ ૦૦૭

મુકુન્દ પી. શાહ

# પ્રાગૈતિહાસિક કાળનું તર્કપૂત શબ્દચિત્ર

જામનગરના પીઢ સમાજનેતા અને પ્રખર ચિંતક શ્રી કે. પી. શાહની "સમાજ અને ધર્મનો ઉદ્ભવ" નામની પુસ્તિકાને આવકારતાં મને અત્યંત આનંદ થાય છે. મારા સસરાના પ્રગાઢ મિત્ર મુરબ્બી શ્રી કે. પી. શાહ સાથેનો અમારો વર્ષો જૂનો સંબંધ હમણાં હમણાં ફરી તાજો થયો છે. છેલ્લાં કેટલાંક વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી પદની જવાબદારી મેં સ્વીકારી ત્યારથી એમના વિશેષ સંપર્કમાં રહેવાનું બન્યું છે. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા મારા તંત્રીલેખો તેઓ નિયમિત વાંચતા રહ્યા છે. અને ઉપયોગી સૂચનો કરતા રહ્યા છે. એમની સાથે એ વિશે વિચાર–વિનિમયના પ્રસંગો પણ અવારનવાર થતા રહ્યા છે.

શ્રી કે. પી. શાહે રાજકારણ અને સમાજસેવાના ક્ષેત્રે ઘણી મૂલ્યવાન સેવા આપી છે. ધ્યેયનિષ્ઠ, ઉદારમતવાદી, સદાચારના આગ્રહી શ્રી કે. પી. શાહમાં નેતાગીરીનાં ઉચ્ચ લક્ષણો જોવા મળ્યાં છે. વર્ષો સુધી પોતાના ક્ષેત્રમાં સક્રિય રહી હવે તેઓ તેમાંથી ઘણુંખરું નિવૃત્ત થયા છે. તેઓ પ્રખર ચિંતક છે. તેમની પાસે વિશાળ અને સર્વગ્રાહી દૃષ્ટિ છે. તેઓ શાંત અને સ્વસ્થ પ્રકૃતિના તથા વિશિષ્ટ મૌલિક અને સમત્વયુક્ત અભિગમ ધરાવનાર છે. સામાજિક અને રાજદ્વારી વિષયો ઉપરાંત તત્ત્વજ્ઞાનમાં પણ તેમને એટલો

જ રસ છે. શ્રીમદ્ રાજચંદ્રની અનુપમ કૃતિ આત્મસિદ્ધિ ઉપરથી ગુરુ–શિષ્ય સંવાદરૂપે 'આત્મદર્શન' નામની ગુજરાતી ગદ્યમાં લખેલી એમની પુસ્તિકા મનનીય છે.

શ્રી કે. પી. શાહને ગુરુ–શિષ્યના સંવાદ રૂપે પોતાના વિચારોને વ્યક્ત કરવાની સારી ફાવટ જણાય છે. 'આત્મ-દર્શન' પછી એમણે 'સમાજ અને ધર્મનો ઉદ્‌ભવ' નામની તૈયાર કરેલી આ પુસ્તિકામાં પણ એમણે ગુરુ–શિષ્યના સંવાદની શૈલી અપનાવી છે.

આ કૃતિમાં એમણે મુખ્યત્વે ત્રણ વિભાગ પાડયા છે. (૧) સ્વામી સંપૂર્ણાનંદજી અને એમના આશ્રમનો પરિચય (૨) સ્વામીજી અને તેમને મળવા આવનાર આત્માનંદજી વચ્ચે સમાજના ઉદ્‌ભવ વિશે વિચારણા (૩) સ્વામીજી અને આત્માનંદજી વચ્ચે માનવ સમાજમાં ધર્મનો ઉદ્‌ભવ કેવી રીતે થયો તેની વિચારણા.

શ્રી કે. પી. શાહની લેખનશૈલી એટલી સરળ અને રોચક છે. તથા વિગતોની રજૂઆત તાદૃશ છે કે પહેલીવાર વાંચનારને તો સ્વામી સંપૂર્ણાનંદજી અને એમના આશ્રમની વાત સાચી જ લાગે. વસ્તુતઃ કલ્પનાને આધારે દોરેલું એ ચિત્ર છે. તે એટલું તો આબેહૂબ થયું છે કે તે સાચું છે એવું માનવાનું મન થઈ જાય.

શ્રી કે. પી. શાહે સમાજ અને ધર્મના ઉદ્ભવની જે વિચારણા આ પુસ્તિકામાં રજૂ કરી છે, તે કોઈ વૈજ્ઞાનિક સંશોધકની નહિ પણ કલ્પના, અનુમાન અને તર્કનો આશ્રય લેનારા મૌલિક ચિંતકની છે. તેમાં તેમણે કોઈ ઇતિહાસના ગ્રંથો કે ધર્મગ્રંથોનો આધાર લીધો નથી. સમાજના ઉદ્ભવ વિશે પાશ્ચાત્ય સાહિત્યમાં ઘણા મોટા ગ્રંથો ઇતિહાસના આધારે, પ્રમાણો સહિત લખાયા છે. તેવી જ રીતે ધર્મના ઉદ્ભવ વિશે પણ વ્યવસ્થિત અને પદ્ધતિસર સંશોધનો થયાં છે. આ પુસ્તિકામાં તો લેખકનો આશય એક સાધારણ માણસને સમજાય અને રસ પડે તે રીતે પ્રાગૈતિહાસિક ઘટનાઓનું પ્રેરક અને રોચક શૈલીએ પ્રશ્નોત્તરી રૂપે લેખન કરવાનું રહ્યું છે. એટલે એમાં એક પ્રકારની લોકભોગ્ય વ્યાપકતા જોવા મળશે.

શ્રી કે. પી. શાહની ચિંતનધારા મૌલિક છે. એમનો આશય પણ પૃથ્થકજન પૂરતો સીમિત છે. આપણે ત્યાં લોકો અનેક વિષયો પર વિચારતા થાય એ જરૂરી છે. એ લોકોને આવી પુસ્તિકા અવશ્ય ઉપયોગી નીવડશે.

શ્રી કે. પી. શાહનો લેખક તરીકે કોઈ મોટો દાવો નથી. તોપણ તેમની પાસે સારી લેખનશક્તિ છે. આવા લેખનકાર્ય દ્વારા પોતાની વૃદ્ધાવસ્થાને તેઓ સભર, સચેતન અને વિચારવંત રાખતા રહ્યા છે એ બહુ આનંદની વાત

છે. એમના અનુભવસમૃદ્ધ જીવનમાંથી આપણને ઘણું શીખવા મળે એવું છે. તેઓ નિરામય દીર્ઘાયુ ભોગવે અને તેમના તરફથી અવારનવાર આવી ચિંતનશીલ પુસ્તિકાઓ સાંપડતી રહે એવી શુભ કામના.

રેખા બિલ્ડિંગ નં. ૧
૪૬, રીજ રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૬.

**રમણલાલ ચી. શાહ**
(તંત્રી : "પ્રબુદ્ધ જીવન")

□

# સમાજ અને ધર્મનો ઉદ્ભવ

સ્વામી સંપૂર્ણાનન્દજી એક મહાન વેદાંતિ, તત્ત્વજ્ઞાની સંન્યાસી છે. તેમની ઉંમર ૬૧ વર્ષની છે. પોતે બાળ-બ્રહ્મચારી છે. પંદર વર્ષની ઉંમરે ભારતીય જ્ઞાનપીઠમાં અભ્યાસ માટે પાંચ વર્ષ રહીને તેમણે વેદાંતનો પૂરો અભ્યાસ કર્યા બાદ અન્ય ભારતીય દર્શનોનો તુલનાત્મક અભ્યાસ પણ કર્યો છે. અભ્યાસ પૂરો કર્યા બાદ તુરત જ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરી તેઓ સંન્યાસી બન્યા. તેઓ ઉદારમતવાદી હોઈને લોકોમાં પ્રગતિશીલ તત્ત્વજ્ઞાની તરીકે ઘણા જાણીતા રહ્યા છે, કારણ ઊંડા અભ્યાસના પરિણામે તેઓ વિચારોનું સંકલન સારી પેઠે કરી શકે છે અને પ્રતિપાદનમાં સમતુલા પણ બરાબર જાળવી શકે છે. એટલે લોકોમાં એક પ્રખર વક્તા તરીકે પણ તેમનો પ્રભાવ ઘણો રહ્યો છે. સંન્યસ્ત અંગીકાર કર્યા બાદ ભારતભરમાં સાત વર્ષ સુધી પગપાળા પ્રવાસ કરી તેમણે અભ્યાસની દૃષ્ટિએ દેશદર્શન પણ કર્યું છે. જુદા જુદા જનસમૂહ, વિદ્વાનો અને સાધુ-સંતોને તેઓ પર્યટન દરમિયાન મળતા અને પરિચયમાં આવ્યા પછી યોગ્ય લાગે ત્યારે તટસ્થ ભાવથી વિચારોની આપલે કરતા અને ગ્રહણ કરવા યોગ્ય

લાગે તે પોતાના જ્ઞાનમાં ઉમેરતા. ૨૯ વર્ષની ઉંમરે કોઈ અનુકૂળ સ્થાને સ્થિર વાસ કરવા તેમણે વિચાર્યું ત્યારે કૃષ્ણનગર શહેરથી થોડે દૂર વિશાળ ફળદ્રુપ જગ્યામાં આશ્રમની સ્થાપના કરી, ત્યાં રહેતા થયા. આશ્રમ ફરતું કુદરતી વાતાવરણ ઘણું સુંદર અને ભાવાત્મક રહ્યું છે. વિશાળ જગ્યા ફરતાં અશોક, આસોપાલવ, વડ, લીમડો, આંબો વગેરે વૃક્ષો પવનની લહેરીમાં ઝૂલે છે ત્યારે તેની ડાળીઓ અને પાન આનંદની ક્ષણો માણતાં હોય તેમ નાચતાં–કૂદતાં જણાય છે. ક્યારેક સાયંકાળે વૃક્ષો વાતો કરતાં હોય તેવું લાગતું, અલબત્ત, વૃક્ષો સાથે વાત કરતાં આપણે શીખવું જોઈએ. પ્રાતઃકાળે તો વૃક્ષો પરનાં પંખીઓના કલરવ મધુર સંગીત પૂરું પાડે છે. અલબત્ત, તેને માટે આપણે કાન સરવા રાખવા જોઈએ. વૃક્ષો બપોરના ભાગમાં પોતે ધોમ તાપ સહન કરી વટેમાર્ગુ અને પશુપંખીને શીતલ છાંયો પૂરો પાડે છે ત્યારે આપણને એમ થાય છે કે માનવે પરોપકાર તો આ વૃક્ષો પાસેથી શીખવો રહ્યો. આશ્રમથી એકાદ ફર્લાંગ દૂર બારમાસી સરિતા વહે છે તેથી કુદરતી સમૃદ્ધિ આશ્રમની સાત્ત્વિક સમૃદ્ધિમાં સારી પેઠે ઉમેરો કરે છે, જેના પરિણામે આશ્રમના દર્શનાર્થે આવનાર લોકોની ભાવનાઓ જાગૃત થાય છે, તો ક્યારેક ઉન્નત પણ થાય છે.

આશ્રમમાં સ્વામીજી પંદર બાળબ્રહ્મચારી શિષ્યો સાથે રહે છે. ઉપરાંત બહારથી આવતા આઠ-દશ સંન્યાસીઓ

પણ શિષ્યવૃત્તિથી રહે છે. તેઓ ત્રણ-ચાર વર્ષ રહી અભ્યાસ પૂરો કરી પોતાના સ્થળે વિહાર કરી જાય છે. અન્ય ભારતીય દર્શનના સાધુ-સંતો પણ પોતાના વિહાર દરમિયાન આ આશ્રમમાં સ્વામીજીના સાન્નિધ્યમાં ચાર-છ દિવસ રહેવાનું પસંદ કરે છે, કારણ સ્વામીજીની એક વિશિષ્ટતા રહી છે કે તેઓ જુદાં જુદાં ભારતીય દર્શનોનું પોતાનું જ્ઞાન કદી વિવાદમાં ન પરિણમે તે અંગે સતત જાગૃત રહે છે. તેઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ સ્વ અને પરના કલ્યાણ અર્થે કરવામાં માને છે. પોતાના વ્યાખ્યાનમાં પણ લોકોને સમજાવતા કહે છે કે જ્ઞાન કોઈ પાંડિત્યનું પ્રદર્શન કરવા માટે નથી, પણ આત્મકલ્યાણ માટે છે. જે જ્ઞાન વિવાદમાં પરિણમે તે સાચું જ્ઞાન નથી, પણ શુષ્ક જ્ઞાન છે. સાચા જ્ઞાન સાથે આચરણ હંમેશ જોડાયેલું રહે છે. શુષ્ક જ્ઞાન અને આચારની વચ્ચે ઘણું મોટું અંતર છે. સ્વામીજી આ રીતે ભારતીય દર્શનોમાંથી સત્ત્વને ખેંચી તેના તત્ત્વને સરખાવે છે ત્યારે તેમને કાંઈ ભેદ જણાતો નથી. જે કાંઈ ભેદ દેખાય છે તે માત્ર દૃષ્ટિનો ભેદ છે, બાકી એક તત્ત્વના મૂળમાં સર્વ દર્શનો વ્યાપ્યાં હોય તેમ તેમને જણાય છે અને એ તત્ત્વરૂપી વૃક્ષના મૂળમાં "આત્મ ધર્મ" રહ્યો છે તેમ તેઓ માને છે.

આશ્રમમાં સંન્યાસીઓના નિવાસસ્થાનથી આશરે ૧૨૫ ફૂટના અંતરે વૃક્ષોની હારમાળાથી ઘેરાયેલું મહાદેવનું એક સુંદર કલાત્મક મંદિર આવેલું છે. સ્વામીજીને

પ્રાચીન કલામાં ખૂબ રસ હોઈને તેમણે દેશના પગપાળા પ્રવાસ દરમિયાન જે જગ્યાએ પ્રાચીન મંદિરોના અવશેષો પડયા હોય ત્યાં તેઓ નિરીક્ષણ કરતા હતા એટલે જે એક જગ્યાએ વિપુલ જથ્થામાં પ્રાચીન મંદિરના અવશેષો પડેલા હતા તેમાંથી જે જોઈએ તે પ્રમાણમાં અત્રે ભેગા કરી લાવ્યા હતા. તેમાં ખૂટતી કડી આધુનિક કલાકૃતિવાળા પથ્થરો મૂકીને આ મંદિર ઊભું કર્યું કે જે જોવાથી પ્રાચીન અને અર્વાચીન કલાનો સુંદર સમન્વય થયેલો જણાય છે અને તેથી મંદિરનું કલાત્મક સૌંદર્ય ઘણું વધ્યું દેખાય છે. મંદિરનો સભામંડપ આશરે પોણોસોથી એંસી માણસો બેસી શકે તેટલો વિશાળ છે. લંબાઈનું પ્રમાણ પણ ઠીક હોઈને મંદિરની ભવ્યતા આકર્ષક રહી છે. મંદિરમાં મહાદેવનું શિવલિંગ પણ પ્રાચીન મંદિર-માંથી વિધિપૂર્વક લાવીને અહીં સ્વામીજીએ પ્રાણપ્રતિષ્ઠા કરીને પ્રસ્થાપિત કરેલ છે, જે શિવલિંગનાં દર્શન કરીને દર્શનાર્થીઓ ઘણા પ્રભાવિત થાય છે. આ મંદિરની એક વિશિષ્ટતા એ રહી છે કે તેમાં અપૂર્વ શાન્તિ જળવાય છે. સવાર-સાંજ સમૂહ પ્રાર્થના અને આરતીના સમય સિવાય કોઈ દર્શનાર્થી મોટા અવાજે દર્શન, પૂજાપાઠ, પ્રાર્થના કે કીર્તન કરતા નથી એટલે દર્શનાર્થીઓને મનની એકાગ્રતા જાળવવાનું બાહ્ય વાતાવરણ મદદરૂપ થાય છે.

મંદિરમાં બેસી લોકો ધ્યાનસ્થ પણ સારી રીતે થઈ શકે છે આખરે તો મંદિરની કલા, સૌંદર્ય તથા ઘંટારવનાદ અને સંગીત દર્શનાર્થીઓની ભાવનાઓ ઉન્નત કરવાનાં

બાહ્ય ઉપકરણો છે. દર્શનાર્થીઓનું આખરી ધ્યેય પરમાત્માની સાથે મનોમન વાત કરતા હોઈએ તેવી રીતે પ્રાર્થના કરીને મનની એકાગ્રતા કેળવી ધ્યાનસ્થ થવાનું હોય છે. જે અનુકૂળતા આ મંદિર સિવાય અન્યત્ર ભાગ્યે જ ઉપલબ્ધ હોઈને આ મંદિર આત્માર્થીઓ માટે એક મોટું આકર્ષણ રહેલ છે. આ મહાદેવના મંદિરથી આશરે સો ફૂટના અંતરે સહેજ ચડાણવાળી જગ્યામાં નાનામોટા સાત ઘુમ્મટવાળું આધુનિક શિલ્પના નમૂનારૂપ મુક્તિધામ ઊભું કરવામાં આવ્યું છે, જેમાં મુખ્ય ભારતીય દર્શનોના ઇષ્ટદેવની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા કરીને સ્થાપના કરવામાં આવી છે અને તેમાં દર્શનાર્થીઓને પ્રાર્થના, સેવા, કીર્તન કરવા માટે અલાયદી સગવડ કરવામાં આવી છે. એટલે હરકોઈ અન્ય ભારતીય દર્શનાર્થી આ મુક્તિધામ જોઈને બહુ પ્રભાવિત થાય છે અને તેમાં તેમને સ્વામીજીના ભારતીય દર્શનો પ્રત્યેના સમભાવનાં દર્શન થાય છે. તેનાથી આશરે ૭૦ ફૂટના અંતરે આશ્રમમાં એક નિસર્ગોપચાર કેન્દ્ર પણ ઊભું કરવામાં આવ્યું છે. તેમાં કુદરતી ઉપચાર, ઉપવાસ, યોગાસન, કવાયત અને આરોગ્ય જાળવવાની તાલીમ આપવા ઉપરાંત, મૌનનું મહત્ત્વ પણ સમજાવવામાં આવે છે. સ્વામીજી પોતાના પ્રવચનમાં સમજાવતા હોય છે કે સામાન્ય જનને મનના આરોગ્ય માટે તનનું આરોગ્ય પણ આવશ્યક છે અને તનનું આરોગ્ય પરિશ્રમ સિવાય પૂરું જળવાતું નથી, એટલે પ્રત્યેક માણસે સામાન્ય રીતે દિવસ દરમિયાન પોતાના વ્યવસાય મારફત શરીરથી પરિશ્રમ

કરવો જોઈએ. અને સ્વામીજી ભારપૂર્વક કહેતા હોય છે કે પરિશ્રમ ઉઠાવીને પોતાના નિર્વાહની નિશ્ચિંતતા પ્રાપ્ત થયા બાદ જે કોઈ પારમાર્થિક પરિશ્રમ ઉઠાવે છે તે સાચો પુરુષાર્થી પુરુષ ગણાય. જેમ કે ખેડૂત પોતાના નિર્વાહ માટે જોઈતું અનાજ ઉત્પન્ન કર્યા બાદ બીજાના જીવન માટે આવશ્યક અનાજ પેદા કરવા પરિશ્રમ ઉઠાવે છે, તે સૂક્ષ્મ અર્થમાં પારમાર્થિક પુરુષાર્થ ગણાય અને આવા પુરુષાર્થને જ્ઞાનીઓએ યજ્ઞ કહ્યો છે. સંસ્કૃતિનું મૂળ આ યજ્ઞમાં રહેલ છે એટલે જ સંશોધકો એમ કહે છે કે સંસ્કૃતિનો જન્મ ખેડૂતના ખેતરમાં થયો છે.

આ નિસર્ગોપચાર કેન્દ્રની એક વિશિષ્ટતા એ રહી છે કે તેમાં પાકશાસ્ત્રના પણ સામાન્ય નિયમોની કેળવણી આપવામાં આવે છે, જેથી આહાર પાચ્ય, પથ્ય અને પોષક રહે. સ્વામીજી અવારનવાર પોતાના વ્યાખ્યાનમાં ક્યારેક ભિક્ષા દરમિયાન મળેલ આહારનો પોતાનો અનુભવ લોકોને કહેતા હોય છે કે આજકાલ સાધનસંપન્ન કુટુંબોમાં આહારની વાનગીઓ વધુ સ્વાદિષ્ટ બનાવવાની હોડમાં ધાનની ધૂળ કરીને એવો ચટાકેદાર આહાર બનાવે છે કે અમારા જેવા સાધુ-સંતો આવો તીખો તમતમતો, ખાટો, મીઠો, ખારો, તૂરો આહાર મોઢેથી લઈ પણ ન શકે; કારણ કે જાણવા મળે છે તે પ્રમાણે આવાં કુટુંબો આહારની વાનગીઓ વધારે ચટાકેદાર બનાવવા માટે લસણ, લીંબુ, મીઠું, સાકર, લવિંગ, ડુંગળી અગર આદું જેવી

ચીજોનો છૂટથી ઉપયોગ કરી કૃત્રિમ સ્વાદ પેદા કરતાં હોય છે. તેમની રહેણીકરણીમાં પરિશ્રમના અભાવે પાચનક્રિયા મંદ હોય છે એટલે આવા કૃત્રિમ સ્વાદ પેદા કરી, જોઈએ તે કરતાં વધુ ખાઈને પેટ ભરે છે. પણ તેમને ભાન નથી કે તેનાથી આખરે તો પાચન વધારે મંદ થાય છે, જેના પરિણામે પેટમાંથી અનેક રોગ ઉદ્ભવતા હોય છે. એટલે આહાર બને તેટલો તેના મૂળ સ્વરૂપમાં લેવો જોઈએ અગર તો મૂળ સ્વરૂપમાં પાચ્ય ખોરાક તરીકે લઈ શકાય તેમ ન હોય તો તેને આવશ્યક પકાવવાની પ્રક્રિયામાં પાચ્ય બનાવવો જોઈએ, જેથી આહારની ચીજવસ્તુઓનું પોષક તત્ત્વ શકય તેટલું જાળવી શકાય. આવું પથ્યાપથ્ય આહારનું જ્ઞાન આ કેન્દ્રમાં અપાય છે.

આશ્રમના એક છેડે ગૌશાળા પણ આવેલી છે, જ્યાં મુખ્યત્વે ગૌવંશની સુધારણા અને ઉછેરના પ્રયોગો થાય છે, જેથી આશ્રમની ગાયો ટંકે સરેરાશ ૮–૧૦ લિટર દૂધ આપતી હોય છે. સ્વામીજી પોતાના પ્રવચન દરમિયાન ગૌહત્યાની વાત નીકળે ત્યારે ભારપૂર્વક કહેતા હોય છે કે ગૌવંશની સુધારણા નહિ થાય અને ઓસ્ટ્રેલિયા તથા પશ્ચિમના દેશોની ગાયોની માફક ભારતમાં ગાય વધુ દૂધ આપી પોષણક્ષમ પ્રાણી નહિ બને ત્યાં સુધી ગ્રામ્ય પ્રદેશમાં ખેડૂતો ઘરેઘર ગાય રાખતા નહિ થાય, પરિણામે ગાયો રઝળતી રહેશે અને તેના વ્યવસાયીઓ પકડીને એક યા બીજા પ્રદેશમાં કતલખાને મોકલતા રહેશે અને આ

દેશમાં મોટા ભાગે પ્રતિબંધ હોવા છતાં ગાયની કતલ ચાલુ રહેશે.

આશ્રમના મધ્ય સંકુલથી થોડે દૂર આશ્રમના છેડે મોટી પડથારવાળું એક બાજુ ખુલ્લું એવું "વિશ્રાંતિ-ગૃહ" બાંધવામાં આવ્યું છે; જ્યાં દેશભરમાં પરિભ્રમણ કરતા બાવા–સાધુઓ શરીરે ભસ્મ લગાડી, ભગવાં વસ્ત્ર પહેરી ગળામાં મોટા પારાની માળા નાંખી, હાથમાં ચીપિયો કે દંડ રાખી પેલા ભૂવાની માફક ભાવુકતામાં જીવન ગુજારતા હોય છે. અહીં આશ્રમના વિશ્રાંતિગૃહના તેમના વસવાટ દરમિયાન તેઓ દિવસ દરમિયાન શહેરમાં ફરીને ભિક્ષા માગી પોતાનો ગુજારો કરે છે. કયારેક ખૂટે ત્યારે આશ્રમમાંથી માગે છે તો તેમને જમવાનું પૂરતું મળે છે. તેમને આશ્રમમાં રહેવા માટે ખાસ બીજા કોઈ નિયમ નથી. પણ સવાર-સાંજ આશ્રમના કોઈ એક શિષ્ય અહીં આવી પ્રાર્થના કરે છે ત્યારે અને સાંજે ભોજન પછી રાતના આઠના સુમારે મહાભારત કે રામાયણ કે કોઈ ધાર્મિક કથાવાર્તા ઘડીભર કરે છે ત્યારે સૌ સાથે જોડાય છે.

મોટા ભાગના આ બાવા-સાધુઓને આ બહુ ગમે છે, પરિણામે તેમનામાં માત્ર ભાવુકતાને બદલે કાંઈક જ્ઞાન અને સમજનો સંચાર થાય છે અને પ્રભુભક્તિ માટે સાચી ભાવના જાગે છે. ઘણાખરા તો પ્રાર્થના મોઢે કરી ટૂંકી

કથાઓ યાદ રાખી દેશના તેમના પરિભ્રમણ દરમિયાન લોકો વચ્ચે ગાતા હોય છે કે કથા જેવું આખ્યાન કરતા હોય છે ત્યારે સામાન્ય ભાવિક જનસમૂહ ભેગો થઈ જાય છે અને સાંભળીને પ્રભાવિત થાય છે, જેના પરિણામે આ બાવાઓને ભિક્ષા માગવા જવું પડતું નથી, લોકો સામેથી આવીને આપી જાય છે.

આ આશ્રમની એક વિશિષ્ટતા એ રહી છે કે ત્યાં પ્રવચનો મારફત ઉપદેશ અપાતો નથી. આશ્રમના અન્તેવાસી સંન્યાસીઓ અને સ્વામીજી પોતે પણ ઉપદેશનું આચરણ કરતા હોય છે, કારણ તેઓ એમ માને છે કે લોકો આપણે ઉપદેશ આપીશું તે અનુસાર ઓછું કરશે, જ્યારે આપણે જે પ્રમાણે કરીશું અને વર્તીશું તે પ્રમાણે વધુ અનુસરશે. એટલે આ આશ્રમમાં ધાર્મિક પ્રવચનો દરમિયાન માનવ-સેવાનું મહત્ત્વ પણ સમજાવવામાં આવે છે, એટલું જ નહીં, પણ ઉપદેશકો માનવસેવા પોતે કરતા હોય છે. જેમ કે આશ્રમમાં કોઈ ભૂખ્યા, તરસ્યા આવે તો તેને ભોજન–પાણીની વ્યવસ્થા કરી આપવા ઉપરાંત ટાઢ–તડકાથી બચવા માટે નિઃસહાય માણસોને કપડાં આપતા હોય છે અને માંદાઓની સુશ્રૂષા પણ કરતા હોય છે અને શહેરમાંથી સંકટ સમયે માનવરાહત માટે સાદ સંભળાય ત્યારે રાહત-કાર્યમાં જોડાવા શિષ્યો દોડી જતા હોય છે. અને તેમને રાહતનું કામ કરતા જોઈને લોકોને રાહતકામમાં જોડાવાની પ્રેરણા મળે છે. આ રીતે આશ્રમમાં ધર્મ અને જીવનનું

સંકલન સારી પેઠે થયું જણાય છે, જેથી સામાન્ય જનતામાં પણ આ આશ્રમની ખ્યાતિ વધતી રહી છે. પરિણામે આશ્રમની કોઈ પણ પ્રકારની ટહેલને જનતાનો સારો આવકાર અને સાથ, સહકાર મળતાં રહે છે જેથી આજુબાજુમાં આશ્રમની સુવાસનો વ્યાપ વિસ્તરતો રહ્યો છે અને લોકો આ આશ્રમનું દૃષ્ટાંત જ્યાં અને ત્યાં આપતા રહે છે. તેથી અન્ય આવા આશ્રમો કે સાધુ-સંન્યાસીઓનાં સ્થળોએ આ આશ્રમ અંગે ઘણી વખત ચર્ચાઓ થતી હોય છે. કોઈકને બહુ ગમે છે તો કોઈક ટીકા પણ કરે છે. એકંદર સામાન્ય લોકોમાં આ આશ્રમની ચાહના બહુ રહી છે એટલે કયાંક ટીકા થતી હોય તો લોકો ટીકાને ગણકારતા નથી. એટલે ટીકા તે સ્થળના ચાર ખૂણામાં જ રહે છે, બહાર ભાગ્યે જ કોઈ જનસમુદાય ઝીલતો હોય છે. કોઈ રડયાખડયા અનુયાયીઓ પોતાનું માન કે અહમ્ સંતોષવા ટીકા થતી હોય ત્યારે હાજી હા કરતા હોય છે, પણ આ આશ્રમનો કીર્તિસ્તંભ એટલો મોટો છે કે જનતામાં ટીકાનો પ્રચાર કરવાની કોઈની હિંમત ચાલતી નથી.

આ આદર્શ સમાન આશ્રમમાં સ્વામીજી એક વહેલી સવારે નિત્યકર્મ સ્નાન, સેવા-પૂજા, પાઠ કરીને પાટ પર સ્વસ્થ બેઠા છે તેવામાં બહારથી એક જિજ્ઞાસુ આત્માર્થી ભાઈ જેમનું નામ આત્માનંદ છે, તેઓ સ્વામીજી પાસે આવીને ત્રણ વખત વંદન કરી, નીચે કંતાનના આસન પર બેસી સ્વામીજીના યોગક્ષેમની પૂછપરછ કરે છે, ત્યાર-બાદ

સ્વામીજી આત્માનંદજીને પૂછે છે કે દિવસ દરમિયાન ઈશ્વર-ભજન કે કાંઈ ધર્મધ્યાન, વાંચન–ચિંતન કરો છો ને?

આત્માનંદજી : યથાશક્તિ કરું છું.

સ્વામીજી : તો હમણાં શું વાંચન–ચિંતન કરી રહ્યા છો?

આત્માનંદજી : મને હમણાં એક પુસ્તક મળ્યું છે, તેનું નામ છે "ધર્મજીવન જીવવાની કળા" તે હું વાંચું છું, ત્યારે મને એક વિચાર આવ્યા કરે છે કે માનવજાતિમાં સમાજ અને ધર્મનો ઉદ્ભવ ક્યારે અને કેવી રીતે થયો હશે? બાપુ! આપ મને સમજાવશો તો મને માર્ગદર્શન મળશે અને આપનો મહાન ઉપકાર થશે.

સ્વામીજી : તમારા આ પ્રશ્નથી મને ઘણા આનંદ સાથે આશ્ચર્ય થાય છે કે આ મૂળભૂત પ્રશ્ન તમોને કઈ ઘડીએ, કયા સંજોગોમાં અને વિચારણા કરતાં ઉદ્ભવ્યો. કોઈ સંશોધન તો તમો નથી કરતાને?

આત્માનંદજી : બાપુ! સંશોધન અત્યારે કરતો નથી, પણ મારી ઇચ્છા આગળ ઉપર એવી

ખરી. અત્યારે તો માત્ર શિષ્યવૃત્તિથી બોધ મેળવવા આપની સમક્ષ આ પ્રશ્ન મૂક્યો છે જેથી મને અભ્યાસ થાય અને સમજ પડે, મારી જ્ઞાનશોધની ગાડી આગળ ચાલે.

સ્વામીજી : ભાઈ આત્માનંદજી, આ કોઈ પ્રશ્ન નથી પણ પ્રશ્નના રૂપમાં તમો ઇતિહાસ પૂછી રહ્યા છો અને આવા વિષયના ઇતિહાસ કડીબદ્ધ વિસ્તારથી ન કહીએ ત્યાં સુધી અર્થપૂર્ણ અને ઉપયોગી ન રહે. એટલે બહુ ટૂંકમાં જ તેનો ઇતિહાસ નહિ, પણ આછી રૂપરેખા આપું તો લાંબો સમય સાંભળવા અને એકધ્યાનથી સમજવા માટે તમારી તૈયારી છે?

આત્માનંદજી : બાપુ! સમયનો કોઈ પ્રશ્ન જ નથી. આના કરતાં સમયનો વધુ સારો સદ્‌-ઉપયોગ મારા માટે બીજો શું હોઈ શકે? એટલે આપ શાંતિથી આપનું વ્યાખ્યાન ફરમાવો. હું એકચિત્તથી સાંભળીને સમજવા બહુ ઉત્સુક રહ્યો છું.

સ્વામીજી : તો એ આછી રૂપરેખા સાંભળો અને ન સમજાય ત્યાં પ્રશ્ન કરી પૂછો, જેથી

અધૂરી સમજ અગર ગેરસમજનો સંભવ ઊભો ન થાય.

ત્યારે તમારા પહેલા પ્રશ્ન માનવજાતિમાં માનવસમાજનો ઉદ્ભવ ક્યારે અને કેવી રીતે થયો તેનો જ્યારે વિચાર કરીએ ત્યારે પહેલાં તો જગત અને જીવસૃષ્ટિનો વિચાર કરવાનો રહે છે. જગત આદિ–અનાદિ કહો કે ઈશ્વરની કૃતિ અગર લીલા કહો પણ નજર સમક્ષ જગત અને જીવસૃષ્ટિની હસ્તીનો એક હકીકત તરીકે સ્વીકાર કરીને આગળ ચાલીએ તો પછી જીવસૃષ્ટિમાં માનવજાતિનો સમાવેશ થઈ જાય છે. માનવજાતિની હસ્તીનો સ્વીકાર એક હકીકત તરીકે કર્યા પછી આદિવાસીઓનો ઉપલબ્ધ ઇતિહાસ અને અત્યારના તેમના જીવનની રહેણીકરણીની હકીકત પરથી વાસ્તવિક કલ્પના એમ થઈ શકે કે — માનવશરીરનાં મૂળભૂત લક્ષણો ભૂખ અને તરસ રહ્યાં છે અને માનવસ્વભાવનાં મૂળભૂત લક્ષણો ભય અને પ્રીતિ રહ્યાં છે. એટલે પહેલાં તો માણસ ભૂખ્યો થાય ત્યારે પેટ ભરવા માટે

કાંઈક શોધતો રહ્યો હશે અને પેટ પૂર્યા પછી તરસ છિપાવવા તલસતો રહ્યો હશે, તેના માટે નદી–નાળાંની સતત શોધ કરવા ભટકતો રહ્યો હશે અને નદી-નાળાંમાંથી પાણી પીતો હશે. આમ ભૂખ અને તરસ છિપાવવા જંગલ-ઝાડીઓ કે પહાડોમાં ભટકતાં ભટકતાં ક્યારેક રાની પશુઓનો ભેટો પણ થઈ જતો હશે ત્યારે તેનાથી બચવા માટે સતત પ્રયત્નશીલ રહ્યો હશે અને તેનામાં બુદ્ધિ તો સૂતેલી પડી હશે તેને સરાણે ચડાવી પોતાનો બચાવ કરવા પ્રયત્નશીલ રહેતો હશે. પોતે એકલો પહોંચી વળી શકે તેમ નહિ લાગ્યું હોય ત્યારે સરખી પ્રકૃતિવાળા સમૂહ સાથે ફરતો થયો હશે જેથી રાની પશુઓનો સામનો કરી શકે અને પોતાની જાતને બચાવી શકે. સંભવ છે કે ફરતા બસો–ચારસો માણસોનો સમૂહ એકસાથે કોઈ પણ રાની પશુ ઉપર ઝાડના જાડા ડાળખાના ધોકા બનાવી હલ્લો કરે તો પશુઓથી બચાવ થઈ શકે અને એ રીતે માનવ પોતાનું પેટ ભરતો અને તરસ છિપાવતો જીવન વિતાવતો હશે. એટલે માણસ સમૂહમાં

ફરતો, રહેતો થયો હશે અને રાતવાસો કરવો પડતો હશે ત્યારે નદીનાળાંના કિનારે કરતો રહ્યો હશે. આ રીતે માનવસમૂહમાં ભૂખ અને તરસ છિપાવવા સમૂહમાં રહેતાં રહેતાં અને પ્રવાસ કરતાં કરતાં કયારેક ખીણુ કે પહાડ ચડવા જેવી જગ્યા આવી હશે, જ્યાં પાણી મળે તેમ નહિ લાગ્યું હોય ત્યારે કોઈ નદીના કિનારે વિશાળ અનુકૂળ જગ્યામાં સ્થાયી થવા વિચાર્યું હશે અને ત્યાં સ્થિર થયો હશે. આ સમૂહમાં રહેવાનું જે કોઈને નહીં ફાવતું હોય તે ચાલ્યા જતા હશે અને નવા આવતા રહેતા હશે. આ સમૂહ જીવનમાં જુદા જુદા માણુસોને જુદા જુદા અનુભવ થતા રહેતા હશે અને પેટ ભરવા માટે સતત કાંઈક ને કાંઈકની શોધમાં રહેતાં રહેતાં સમૂહમાંથી કોઈએ ચોમાસામાં ફળફળાદિ જમીનમાં નાંખ્યાં હશે, તેમાંથી છોડ ઊભા થયા હશે અને તેમાંથી નવાં ફળ મળતાં થયાં હશે. આ રીતે જમીનમાંથી ચીજ-વસ્તુઓ પેદા કરતા થયા હશે. આમ ખેતીનું બીજ આ અનુભવમાં રોપાયેલું છે.

એટલે માણસ શરીરની પ્રાથમિક જરૂરિયાત ભૂખ અને તરસ સંતોષવાના પ્રયાસમાં ફરતાં ફરતાં ભયનો માર્યો ભેગા ફરતાં શીખ્યો હશે અને ભેગા ફરવાના અનુભવો ઉપરથી ક્યાંક સ્થાયી અગર સ્થિર થતાં શીખ્યો હશે અને સ્થિર થયા બાદ સમૂહ જીવનના જુદા જુદા અનુભવો ઉપરથી ફળફળાદિ જમીન-માંથી પેદા કરીને પેટ ભરતો થયો હશે એમ માનવું વાસ્તવિક હકીકત સમાન ગણાય.

આત્માનંદજી : આ વાત બહુ બંધબેસતી અને વાસ્તવિક લાગે છે, કારણ માનવજીવનની આવશ્યક અને અનિવાર્ય જરૂરિયાત હંમેશ કાંઈક નવી શોધના મૂળમાં પડેલી હોય છે. પણ બાપુ ! મારા મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે કે આ બધા માણસો નાનામોટા સમૂહમાં ક્યાંક અનુકૂળ સ્થળે સ્થિર થયા હશે ત્યાં એકબીજા વચ્ચે વ્યવહાર ચલાવવા કઈ બોલી બોલતા હશે ? અને ટાઢ-તડકાથી બચવા માટે કેવી રીતે રાત-દિવસ જીવન ગુજારતા હશે ?

સ્વામીજી : સમૂહજીવનમાં આપસમાં એકબીજા અને સમૂહ વચ્ચે વ્યવહારમાં પહેલાં તો ઈશારાથી અને પછી આપોઆપ અર્થવાહી સ્વર-વ્યંજનવાળી ભાષાથી પ્રાથમિક વ્યવહાર ચલાવતા હશે. વ્યવહાર જેમ જેમ વધતો રહ્યો હશે તેમ ભાષા-કોશ વધતો ગયો હશે એમ માનવું વાસ્તવિક ગણાય.

તમારા બીજા પ્રશ્નના જવાબમાં એમ માની શકાય કે સમૂહ જીવનમાં સ્થિર થતા માણસો કોઈ ઝાડ–વાડની ઓથે પડયા રહેતા હશે. અગર ઊભી થતી જરૂરિયાત પૂરી કરવા બુદ્ધિપૂર્વક કાંઈક ઝાડપાનની ઓથ–આડશ કે ઢાંકણુ ઊભું કરી રહેતા થયા હશે અને સખત ઠંડીથી બચવા ચકમકવાળા બે પથ્થરો ઘસીને અગ્નિના તણખાથી ઝાડનાં સૂકાં પાન સળગાવી તાપણું કરી રહેતા હશે. જેમ તમોએ કહ્યું તેમ આવશ્યક જરૂરિયાત ઊભી થતી રહી હશે ત્યારે બુદ્ધિ સરાણે ચડાવી ટાઢ–તડકાથી બચવા ઝાડની છાલથી અંગ ઢાંકતા થયા હશે અને બીજી જરૂરિયાત પૂરી કરવા

પ્રયત્નશીલ રહેતા હશે એમ માનવું વાસ્તવિક ગણાય.

આ પ્રકારના સમૂહ જીવનમાં સહ-જીવનનું બીજ રોપાયેલ જણાય છે. કારણ સમૂહમાં ફરવાનું અને કયાંય સ્થિરવાસ કરવાનું થયું હશે ત્યારે પુરુષો અને સ્ત્રીઓ એકબીજા આડેધડ જેમ જેને ફાવે તેમ સાથે કે એકલાં રહેતાં હશે અને પુરુષ-સ્ત્રીમાં પ્રીતિ તો પડેલી જ છે. એટલે પ્રીતિપાત્ર સાથે રહેવાનું પસંદ કરતાં હશે. એટલે સહ-જીવનમાં પ્રીતિપાત્ર માટે પુરુષોની પ્રકૃતિ આક્રમક હોઈને કયારેક માનવસહજ નબળાઈને કારણે એકબીજા વચ્ચે મત-ભેદને કારણે મનભેદ રહેતા હશે. તો કયારેક તકરાર કે લડાલડી પણ થતી હશે, તો કયારેક મારામારી પણ થતી હશે. આમ બનવું માનવસહજ છે. પણ સમૂહ જીવનમાં લાંબા સમયે આવી અંધાધૂંધીથી આ પ્રશ્ન એક મોટી સમસ્યા કે કોયડો બની ગયો હશે અને સમૂહ જીવનને પાયામાંથી હચમચાવી વેરવિખેર કરી નાંખે તેવું સ્વરૂપ

ધારણ કરતો થયો હશે. તેવે વખતે સમૂહમાંથી કોઈ બુદ્ધિશાળી બે–ચાર ડાહ્યા માણસો આ સમસ્યાનો ઉપાય શોધવા મથતા રહ્યા હશે જે દરમિયાન એક વિચાર આવ્યો હશે કે આપણે કાંઈક એવું બંધન કરીએ કે જેથી આ ઝઘડાનું કારણ ટળે. આના ઘણા ઘણા ઉપાયો વિચાર્યા પછી એકમાત્ર કામિયાબ ઉપાય એ સૂઝયો હશે કે—

પ્રત્યેક પુરુષે પોતાના પ્રીતિપાત્ર એક જ સ્ત્રી સાથે રહેવું. આ બંધનને નિયમનું સ્વરૂપ આપવામાં આવ્યું હશે, અને સમૂહ જીવનમાં પહેલો આ નિયમ આવ્યો હશે. ખૂબ વિચારણા થઈ તે દરમિયાન ચર્ચામાં કોઈએ એમ પણ સૂચવ્યું કે એકને બદલે બે સ્ત્રીઓ સાથે રહેવાની છૂટ આપીએ તો શું વાંધો છે? તો પછી કયાંય તકરાર થવાનો સંભવ જ નહિ રહે. આ સૂચનના જવાબમાં એક પ્રૌઢ સ્ત્રી જે સમૂહ જીવનમાં માતા સમાન લેખાતી હતી તેણે સખત વિરોધ દર્શાવી સહેજે કહ્યું જ હશે કે સ્ત્રીઓને પૂછો તો ખરા કે એક

પુરુષ સાથે બે સ્ત્રીઓ રહેવા માંગે છે ? બે સ્ત્રીઓ સાથે રહેવાની વાત તો એક-પક્ષીય છે અને તેમાં ક્યાંય ન્યાય જેવું નથી અને સ્ત્રીસહજ પણ નથી. એ તો સહજીવનમાં મોટા ખટરાગનું કારણ બની જાય.

એક ડાહ્યા વયોવૃદ્ધ પુરુષે બે સ્ત્રી અંગે તો એવો જડબાતોડ જવાબ આપ્યો કે તેમ કરવાથી તો માનવ-સહજ ઘણા ઉપદ્રવો ઊભા થાય, તે પૈકી પ્રથમ તો આપણે એ વિચારવું જોઈએ કે ગમે ત્યાં સમૂહમાં જુઓ તો લગભગ પુરુષો જેટલી જ સંખ્યામાં સ્ત્રીઓ છે. થોડી વધુ ઓછી સંખ્યા હોય પણ એક પુરુષ બે સ્ત્રીઓ સાથે રહે તો બાકી રહી જાય તેમને પાછું તકરાર કે મારામારી કરવાનું ખરેખર કારણ રહે. એટલે બધાંને સરખું જીવન મળી જાય એટલા માટે પ્રત્યેક પુરુષે એક જ સ્ત્રી સાથે રહેવું જોઈએ. આ સરખું જીવન મળવાના વિચારમાં ન્યાય સમાયેલ છે. એટલે સહજીવનમાં 'ન્યાય' આવ્યો. પહેલા નિયમ અને પછી ન્યાય

આ રીતે સમૂહ જીવનમાં આવ્યા હશે એમ માની શકાય અને વધુ વ્યવસ્થિત સમૂહ જીવન કરવાના પ્રયાસોમાં બુદ્ધિશાળીઓએ ન્યાયબદ્ધ બીજા નિયમો કરી સમૂહ જીવન વધુ શાંતિભર્યું અને સુખી બનાવવા પ્રયાસ કરતા રહ્યા હશે. જેમ કે જમીનમાંથી પેદા કરવા માટે અશક્ત કે બાળકો સિવાય સૌએ સાથે એક સરખો પરિશ્રમ કરવાનો નિયમ કર્યો હશે અને જે કાંઈ ઉપજ આવે તે ન્યાયપૂર્વક સરખે ભાગે વહેંચી લેવા નિયમ કર્યો હશે.

આમ સમૂહ જીવન વધુ અને વધુ વ્યવસ્થિત કરવા માટે ન્યાયબદ્ધ નિયમો થતા રહ્યા હશે અને આ નિયમોના પાલન માટે આગ્રહ પણ રખાતો હશે. નિયમનો ભંગ ન કરે તેને માટે કાંઈક વ્યવસ્થા પણ બુદ્ધિપૂર્વક ગોઠવી હશે. ભંગ કરનારને કાંઈક શિક્ષા પણ કરવાની જોગવાઈ થઈ હશે. આ સમૂહ જીવન વધુ વ્યવસ્થિત થવાની પ્રક્રિયા દરમિયાન માનવસહજ પહેલી કસૂર એ થઈ હશે કે જમીનમાંથી પેદા કરવા

માટે એક સરખો પરિશ્રમ કર્યા પછી પરિણામે જે કાંઈ ફળફળાદિની ઉપજ થઈ તે સરખે ભાગે વહેંચી દીધા પછી કોઈએ બીજાને મળેલ ચીજ તેનું ધ્યાન નહિ હોય ત્યારે લઈ લીધી હશે. ત્યારે આ નિયમભંગ મોટો ગણાયો હશે, કારણ બીજાના હક્કની મેળવેલ ચીજ કોઈએ લેવાય જ નહિ, એ ગુનો ગણવામાં આવ્યો હશે અને બીજાના હક્કનું લેવાય જ નહિ એ ન્યાયબદ્ધ નિયમના ચુસ્ત પાલનને નીતિ કહેવામાં આવી હશે.

આ રીતે સમૂહ જીવનમાંથી સહ-જીવન ઊભું થયું હશે અને સહજીવન-માંથી કુટુંબજીવન ઊભું થયું હશે. એટલે આપણે જોયું તેમ સમૂહ જીવન અને સહજીવન બુદ્ધિપૂર્વકના ન્યાયબદ્ધ નિયમો અને તેના પાલનથી વધુ અને વધુ વ્યવસ્થિત થતું રહ્યું હશે. આ નિયમ, ન્યાય અને નીતિના પાયા ઉપર સમૂહ જીવન અને સહજીવનનો વિકાસ થતો રહ્યો હશે.

આ વિકસિત સહ કે સમૂહ જીવનમાં

માનવસમાજનું બીજ રોપાયેલ છે. તેના પર જેમ જેમ માનવ વિવેક-બુદ્ધિની વર્ષા થતી રહી હશે તેમ તેમ સમાજનો વિકાસ થતો રહ્યો હશે, એમ માનવું વાસ્તવિક હકીકત સમાન ગણાય. આ ન્યાયબદ્ધ નિયમો અને નીતિના ચુસ્ત પાલનને સમાજમાં સદાચાર ગણ્યો છે અને આ સદાચારના પાયામાં સમાજ-જીવનનું બીજ રોપાયેલ છે. આત્મા-નંદજી ! તમારો પ્રશ્ન માનવસમાજનો ઉદ્‌ભવ કેવી રીતે અને ક્યારે થયો હશે એટલા પૂરતો સિમિત હોઈ, તેનો ઉગમ અગર ઉદ્‌ભવ ક્યાં અને કેવી રીતે થયો તેની આછી રૂપરેખા તમોને મેં આપી છે, બાકી માનવસમાજના વિકાસની પ્રક્રિયા અને પ્રગતિનો ઇતિહાસ જાણવા માટે તો આપણે સમાજશાસ્ત્રીઓના અનેક ગ્રંથો જોવા રહ્યા. તમોને ટૂંકી રૂપરેખા આપી તેમાં કોઈ પ્રશ્ન ઊઠતો હોય તો તમો પૂછી શકો છો, નહિતર આજે હવે ભોજનનો સમય ઘણો વીતી ગયો હોઈને આવતી કાલે વહેલી સવારે બેઠક રાખીએ, કારણ આવતી કાલે તહેવાર હોઈ વ્યાખ્યાન

બંધ રાખેલ છે. લોકો તહેવાર હોઈને દેવદર્શને જતા હોય છે.

આત્માનંદજી : બાપુ, આપે માનવસમાજના ઉદ્ભવની આછી રૂપરેખાનું પણ એટલું સ્પષ્ટ ચિત્ર દોર્યું છે કે તે બહુ સહેલાઈથી સમજી શકાય છે. માત્ર એકાંતે નીરવ શાંતિથી તેના પર વિવેકપૂર્વક હેતુલક્ષી વિચાર–ચિંતન–મનન કરવું જરૂરી છે.

સ્વામીજી : તો હવે આવતી કાલે સવારે તમો આવો અને માનવસમાજમાં ધર્મના ઉદ્ભવની વાત કરીએ.

બીજે દિવસે સવારે નિત્યકર્મ પરવારી મંદિરે પૂજાપાઠ કરીને નવને સુમારે સ્વામીજી પોતાના પાટલા પરના આસને બેઠા બેઠા કોઈ ગ્રંથ જોઈ રહ્યા છે, ત્યાં આત્માનંદજી આવી પહોંચે છે અને વંદન કરી જમીન પર પોતાના આસન પર બેસી સ્વસ્થ થયા બાદ સ્વામીજીને ગઈકાલની વાત આગળ ચલાવવા વિનંતી કરે છે. ત્યારે સ્વામીજી પૂછે છે કે ગઈકાલની વાત પૂરી બરાબર સમજ્યા છો ને? તેના પર રાતના વિચાર કરતાં કાંઈ પ્રશ્ન ઊઠયો હોય તો હજી પૂછી શકો

છો. નહિતર ધર્મના ઉદ્‌ભવની રહેલ બાકી વાત શરૂ કરીએ.

આત્માનંદજી : બાપુ! ખરું કહું તો સાંજે આપણો ગઈ કાલનો વાર્તાલાપ એકાંતે બે વખત એકચિત્તે સાંભળી ગયો. આપણી વાતો દરમિયાન મારી પાસે પડેલ ટેઈપમાં વાર્તાલાપનું એવું સરસ રેકર્ડિંગ થયું છે કે આંખો મીંચીને એક વખત મેં સાંભળ્યું તો જાણે કે સામે આપ બોલી રહ્યા છો એવો મને ભાસ થયો. ત્યાર બાદ રાતના દોઢ–બે કલાક તેના પર વિચાર, ચિંતન, મનન ખૂબ કર્યું. તેના પરિણામે મને ચોક્કસ લાગ્યું છે કે બાપુ! આપે ભલે સમાજના ઉદ્‌ભવનો કડીબદ્ધ ઇતિહાસ ન કીધો હોય અને માત્ર આછી રૂપરેખા આપી હોય તો પણ આપે કહેલ વાત માનવ સહજ છે, સ્ત્રી–પુરુષ સહજ છે અને ક્યાંય કડી ખૂટતી હોય તેવું નથી. માત્ર માનવ સમાજના બીજ પર બુદ્ધિની વર્ષાથી માનવ સમાજના વ્યવસ્થિત વ્યવહારો તથા વિકાસની પ્રક્રિયા અને પ્રગતિ કઈ રીતે થઈ હશે તે તર્કનો વિષય છે અને તેના માટે તો અનેક માનસ-

શાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓના ગ્રંથો અત્યારે ઉપલબ્ધ છે, જે જોયા બાદ આપે માનવ સમાજના ઉદ્‌ભવની જે તર્ક અને ન્યાયબદ્ધ વાત કરી તેના પર તો હું માનવ-જીવનના કેટલાય દાખલા-દષ્ટાંતો આપી એક ગ્રંથ રચી શકું એટલો મને આત્મ-વિશ્વાસ આવ્યો છે.

એટલે બાપુ! હવે ધર્મના ઉદ્‌ભવની વાત શરૂ કરવા કૃપા કરશો.

સ્વામીજી : આત્માનંદજી! આપણે ગઈ કાલે જોયું કે ન્યાયબદ્ધ નિયમ અને નીતિનું પાલન જેને સદાચાર કહીએ છીએ તેમાં સમાજના ઉદ્‌ભવનું બીજ રોપાયેલ છે. આ સદાચાર આધારિત સમાજ રચનાની શરૂઆતમાં સમજો કે, આશરે સાડાત્રણસો માણસોના સમૂહમાં રહેતા સૌએ જમીનમાંથી પેદા કરવા માટે સરખો પરિશ્રમ કર્યા પછી જે કાંઈ નીપજ થઈ તેમાંથી સૌને સરખે ભાગે હંમેશ સવાર-સાંજ મકાઈ વહેંચી આપી સૌ સાથે જીવન ગુજારતા હશે. તેમાં એવું બન્યું કે આ સમૂહ જીવન પૈકી અમુક એવા નીકળ્યા કે જેઓ દરરોજ સવાર-સાંજ પોતાના હિસ્સે આવેલ મકાઈ પૂરી

ખાઈ શકતા નહિ અને કોઈક વખત વધેલી તેઓ સંઘરી રાખતા હતા. જ્યારે અમુક માણસો એવા હૃષ્ટપુષ્ટ હતા કે જેઓને સવાર-સાંજ તેઓને ભાગે મકાઈ મળતી હતી તે પેટ ભરવા માટે ઓછી પડતી હતી અને તેઓ ભૂખ્યા રહેતા હતા. આ ભૂખનું કષ્ટ ક્યારેક સહન નહીં થઈ શકતું હોય ત્યારે ભૂખ્યાઓને એમ વિચાર આવ્યો કે ચાલની આપણે જેની પાસે વધારો પડી રહેલ છે તેની પાસે જઈને વિનવીએ અને આપે તો પેટ ભરીએ. એટલે અમુક જે ભૂખનું કષ્ટ સહન ન કરી શક્યા તેઓ જેની પાસે વધારો હતો તેની પાસે જઈને પોતાના કષ્ટની આપવીતી કહી વધારો આપવા માટે કરગર્યા. તો જેની પાસે સંઘરો પડ્યો હતો તે સૌને ભૂખ્યા લોકોની આપવીતી સાંભળી કરુણા થઈ આવી. પણ તે પૈકીના માત્ર થોડા જણાએ જ પોતાના સંગ્રહમાંથી ભૂખ્યાઓને પેટ ભરવા માટે મકાઈ આપી. પરિણામે અમુક ભૂખ્યા લોકો બાકી રહી ગયા.

સમાજના બંધારણમાં કોઈના હક્કનું મેળવેલ લેવાય જ નહિ એવું બંધન છે પણ હક્કનું મેળવેલ બીજાને જરૂર પડે તો

આપવું જોઈએ એવું સમાજના ન્યાયબદ્ધ નિયમ કે નીતિમાં નથી.

આત્માનંદજી : તો બાપુ! જે લોકો જરૂરિયાતવાળા ભૂખ્યાને આપે છે તે શાથી દોરવાઈ આપતા હશે?

સ્વામીજી : તમારા પ્રશ્નનો ટૂંકો જવાબ માત્ર એટલો જ છે કે માનવી કરુણાથી દોરવાઈને ત્યાગ કરી ભૂખ્યાને આપે છે.

અહીં સમજવા જેવી વાત એ છે કે સ્વાર્થત્યાગ કરીને મકાઈ આપનાર અને મેળવનાર બન્નેને આનંદ થાય છે, પણ બન્નેના આનંદના પ્રકાર જુદા છે. એક કાયમી છે અને બીજો આનંદ ક્ષણિક છે. એક અંતરનો આનંદ છે. બીજો પેટ ભર્યાનો એટલે કે શરીરનો આનંદ છે. ત્યાગ કરનારને ભૂખનું કષ્ટ વેઠતા ભૂખ્યાને પેટ ભરવા મકાઈ આપી તે બનાવની સ્મૃતિ ક્યારે પણ થાય છે ત્યારે તેને પ્રસન્ન ભાવ ઉપજે છે, એટલે કાયમ માટે આનંદ થાય છે. જ્યારે મકાઈ મેળવનાર ભૂખ્યો માણસ પેટ ભરે છે ત્યારે તેને આનંદ થાય છે. પણ બીજે કે ત્રીજે દિવસે વળી પાછો ભૂખ્યો રહે છે ત્યારે અગાઉ પેટ ભરીને ખાવાનું મળ્યાનો સંતોષ કે

આનંદથી તેની ભૂખનું આજનું કષ્ટ નષ્ટ કે ઓછું થતું નથી. એટલે પેટ ભર્યાનો શરીરનો સંતોષ કે આનંદ ક્ષણિક છે અને શરીરના એટલે કે ઇન્દ્રિયોના બધા સંતોષ, સુખો કે આનંદ ક્ષણિક જ છે. જેથી તેની લાલસા નકામી છે અને આખરે દુઃખદાયી નીવડે છે. આનો બોધપાઠ એ રહ્યો છે કે કોઈપણ દીન દુઃખિયાનું દૃશ્ય જોઈને આપણને કરુણા ઉપજે છે પણ તે કરુણા ક્યારેક સક્રિય સ્વરૂપ ધારણ ન કરે એટલે કે કાર્યરત ન બને છતાં ખરેખર કરુણા ઉપજી છે એવું આપણે માની બેસીએ તો ભ્રમણામાં જીવવા જેવું થાય.

આત્માનંદજી : પણ બાપુ! આપે અગાઉ કહ્યું તેમ જે માણસો પાસે વધારાની મકાઈ સંઘરાયેલ પડી છે તે બધાને કરુણા થઈ આવી છે તો પછી બાકીના માણસોએ પોતાની સંઘરેલી મકાઈ માંગનાર ભૂખ્યા માણસોને કેમ ન આપી? તેનું શું કારણ હશે?

સ્વામીજી : ભૂખ્યાઓની આપવીતી સાંભળીને બધાને કરુણા તો આવી પણ તેમનામાં પડેલ લોભ તેમને થએલ કરુણા પર સવાર થઈ બેસે છે એટલે કરુણા લાચાર થઈ જાય છે અને

નિષ્ક્રિય બની જાય છે, અર્થહીન થઈ જાય છે અને લોભથી દોરવાઈને તેઓ માંગનાર ભૂખ્યાને પોતાની સંઘરેલી મકાઈ આપતાં નથી. પરિણામે બાકી રહેલ ભૂખ્યાઓને ભૂખનું કષ્ટ વેઠવું પડે છે. પણ જે લોકોએ પોતાની સંઘરેલી મકાઈ ભૂખ્યાઓને આપી છે તેમણે સ્વાર્થ ત્યાગ કરીને આપી છે. એટલે કે ત્યાગથી દોરવાઈને આપી છે. આ ત્યાગમાં માનવીના "શીલ"નું બીજ રોપાયેલ છે, તે શીલના વિકાસની પ્રક્રિયાનો એક મોટો ઇતિહાસ છે પણ એક વાકયમાં કહેવું હોય તો એમ કહી શકાય કે માણસમાં માનવીય ગુણનો વિકાસ થતો રહે છે તેમ તેમ તેનું શીલ બંધાય છે.

આત્માનંદજી : તો પછી બાપુ! માણસ માત્રને આપણે માનવ ન કહી શકીએ?

સ્વામીજી : અલબત્ત નહિ. માણસનો આકાર અગર તેનું સ્વરૂપ હોવાના કારણે માણસ માનવ બની શકતો નથી. જો એમ જ હોય તો પછી પૂંછડી કપાયેલ વાનરને પણ આપણે માનવી કહેવો જોઈએ, પણ કહેતા નથી. માનવ તો શીલ, સદાચાર સાથે અન્ય માનવીય

ગુણો કેળવે ત્યારે ખરેખર માનવ કહેવાય,
તેનો અભાવ હોય ત્યાં સુધી માણસ જ કહેવાય.

આત્માનંદજી : બાપુ! તો પછી માણસ આ શીલ, સદાચાર અને માનવતાનો ભંગ શાથી દોરવાઈને કરતો હશે?

સ્વામીજી : આ પાયાનો પ્રશ્ન છે અને તેનો ટૂંકો જવાબ માત્ર એટલો જ કે અનાદિ કાળથી માણસમાં પડેલ કામ, ક્રોધ, લોભ, મોહ, માન, માયા, રાગ, દ્વેષ, વેરઝેર, આવેગ, આવેશ, ઈત્યાદિ અવગુણોથી દોરવાઈ માણસ શીલ, સદાચાર અને માનવતાનો ભંગ કરતો હોય છે.

આત્માનંદજી : બાપુ! આપે કહ્યું તેમ અનાદિ કાળથી માણસમાં જેમ અવગુણો પડેલા છે તેમ સદ્‌ગુણો પણ પડેલા હશેને?

સ્વામીજી : સદ્‌ગુણો પણ વધતા-ઓછા પડેલા જ હોય છે.

આત્માનંદજી : બાપુ! સદ્‌ગુણો કયા અને કેવા પ્રકારના પડેલા હોય છે તે મારે સમજવું છે.

સ્વામીજી : માનવીમાં સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણો સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ક્ષમા, દયા અને શાંતિ વધતા-ઓછા માણસમાં અનાદિ કાળથી અવગુણોની જેમ પડેલા જ હોય છે અને હંમેશને

માટે માણસમાં રહેલા સદ્દગુણો અને અવગુણોનું દ્વંદ્વ યુદ્ધ માણસમાં ચાલુ જ રહ્યું છે. આ દ્વંદ્વમાં માણસના સ્વભાવનું મૂળ પડ્યું છે.

આત્માનંદજી : તો બાપુ ! આ દ્વંદ્વ યુદ્ધમાં વિજય મેળવવા માટે માનવીએ શું કરવું રહ્યું ?

સ્વામીજી : તો માનવીએ અવગુણો પર સંયમ કેળવી સદ્દગુણો કેળવવા જોઈએ.

આ દ્વંદ્વ યુદ્ધમાં વિજય મેળવવા માણસે સંયમ કેળવવો જોઈએ અને સંયમ કેળવવા પોતાના સમજપૂર્વકના બધા પ્રયત્ન કરવા છતાં જોઈતો સંયમ ન રહે તો તેણે જપ, તપ અને વ્રત કરવાં જોઈએ.

હવે અહીં જે સંયમની વાત આવી તેમાં ધર્મનું બીજ રોપાયેલ છે અને જેમ જેમ માનવ અને મહામાનવની વિવેકબુદ્ધિ અને પ્રજ્ઞાની તેના પર વર્ષા થતી રહી તેમ તેમ તે બીજનો વિકાસ થતો રહ્યો છે, જે વિકાસ પ્રક્રિયાની તવારીખ આજે પણ જ્ઞાન ભંડારોમાં પડેલ અનેક ધર્મ ગ્રંથોમાં અંકિત થયેલ જોવા મળે છે.

આત્માનંદજી : બાપુ ! આપે હમણાં પ્રજ્ઞાની વાત કરી તો

માણસમાં પ્રજ્ઞા ક્યારે અને કેવી રીતે ખીલતી હશે ?

સ્વામીજી : તેના માટે પહેલાં તો કોઈએ પણ માણસમાંથી માનવ બનવું રહ્યું અને પછી તેની બુદ્ધિનું સંસ્કરણ જ્ઞાન અને ચારિત્રથી સતત થતું રહેતું હોય તો એ પ્રક્રિયાનો વિકાસ થયેથી તે માનવીમાં પ્રજ્ઞા પ્રગટતી હોય છે. તેની પ્રતીતિ એટલી કે જીવનના કોઈપણ પ્રસંગે અગર બનાવ વખતે માનવી તેનામાં મુખ્યત્વે પડેલ રાગ, દ્વેષ અને મોહ રૂપી કષાયોથી વિવેકબુદ્ધિ દ્વારા પર રહી શકે તો તેનામાં પ્રજ્ઞા પ્રગટી કહેવાય. આજે પણ સમાજમાં નિરીક્ષણ કરીએ તો, જે સંતો અને સત્પુરુષોમાં આ કષાયો મંદ થયા હશે તેમનામાં પ્રજ્ઞાનો પ્રારંભ થયો જણાશે.

આત્માનંદજી : બાપુ! હવે પ્રજ્ઞાની વાત તો પૂરી સમજ્યો પણ આપે હમણાં કહ્યું કે માણસમાં રહેલ સદ્દગુણ અને અવગુણોના દ્વંદ્વમાં સ્વભાવનું મૂળ પડેલ છે તે વાત હું બરાબર સમજ્યો નથી.

સ્વામીજી : એ સમજવું મુશ્કેલ નથી. કહેવાનો અર્થ એ છે કે માણસમાં પડેલ સદ્દગુણો અને

અવગુણોના દ્વંદ્વમાંથી સ્વભાવનો ઉદ્ભવ થાય છે. તેનાથી માણસનો સ્વભાવ ઘડાય છે. અવગુણોનું જોર વધે તો આપણે માણસનો સ્વભાવ ખરાબ કહીએ છીએ અને સદ્‌ગુણોનું જોર હોય તો સ્વભાવ સારો કહીએ છીએ. એટલે કે સદ્‌ગુણો અને અવગુણોનું ઘનમિશ્રણ એ સ્વભાવ છે. સદ્‌ગુણો અને અવગુણોના આ આવિર્ભાવથી સારો–ખરાબ સ્વભાવ ઘડાય છે. ટૂંકમાં, સદ્‌ગુણો અને અવગુણોનો પરીપાક એ સ્વભાવ છે. આપણે અગાઉ જોયું કે અવગુણો રૂપી કષાયોનું ઉદ્ભવસ્થાન સ્વાર્થ છે તેમ એનું ફળ પરિણામ એ સ્વભાવ છે, એટલે આપણે સ્વભાવનું નિયંત્રણ કરવામાં કે તેના પર સંયમ કેળવવામાં ધર્મનું પાલન રહેલું છે અને સ્વભાવ પર સિદ્ધિ મેળવવી એ ધર્મનું એક ધ્યેય ગણાય છે. તે જ પ્રમાણે બધા કષાયોના ઉદ્ભવસ્થાન સ્વાર્થ પર નિયંત્રણ કરવામાં અગર તેના પર સંયમ કેળવવામાં ધર્મનું પાલન રહ્યું છે અને નિસ્વાર્થ અગર નિષ્કામ કર્મને ધર્મનું ધ્યેય ગણ્યું છે.

આત્માનંદજી : બાપુ ! તો પછી આપે અગાઉ કહ્યું તેમ

માણસમાં રહેલ વધતા–ઓછા સર્વશ્રેષ્ઠ સદ્દગુણો સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ક્ષમા, દયા અને શાંતિ ઈત્યાદિનું ઉદ્દભવ સ્થાન અને ફળ–પરિણામ શું હશે ?

સ્વામીજી : આત્માનંદજી ! તમારો આ પ્રશ્ન તો મૂળ પ્રશ્નથી પણ આગળ વધે છે. છતાં પૂછો છો એટલે બહુ જ ટૂંકમાં કહું છું કે માણસમાં પડેલ વધતા–ઓછા સર્વશ્રેષ્ઠ સદ્દગુણોનું ઉદ્ભવ સ્થાન "જ્ઞાન" છે અને ફળ–પરિણામ "આનંદ" છે. તેના ઉદ્ભવ સ્થાન "જ્ઞાન" મેળવવામાં અને તેના ફળ-પરિણામ આનંદ પામવામાં આત્મધર્મનું પાલન રહ્યું છે અને આનંદપ્રાપ્તિ આત્મ-ધર્મનું ધ્યેય ગણાય છે. એટલે બધી વાતનો સાર એ થયો કે માણસમાં પડેલ અવગુણો કે કષાયોનું ઉદ્ભવસ્થાન સ્વાર્થના ફલ–પરિણામ રૂપ સ્વભાવનું નિયંત્રણ કે તેના પર સંયમ કેળવવાની પ્રક્રિયામાં ધર્મનું ઉદ્ભવસ્થાન રહ્યું છે અને માનવમાં પડેલ વધતા–ઓછા સદ્દગુણો વિકસાવવાની પ્રક્રિયામાં અગર તેના ઉદ્ભવસ્થાન જ્ઞાન મેળવવાની પ્રક્રિયામાં કે તેના ફળ–પરિણામ રૂપ આનંદ પામવાની પ્રક્રિયામાં આત્મધર્મનો

ઉદ્‌ભવ રહ્યો છે, કારણુ આત્માના મૂળભૂત લક્ષણો જ્ઞાન અને આનંદ છે.

આત્માનંદજી : બાપુ ! મારા બન્ને પ્રશ્નોના જવાબો ભલે આપે ટૂંકમાં કહ્યા પણ મને બહુ તર્ક અને ન્યાયબદ્ધ લાગે છે અને બન્ને વાતો કડીબદ્ધ સમજવાનો મને સંતોષ અને અપૂર્વ આનંદ રહ્યો છે.

આટલું કહી આત્માનંદજી સ્વામીજીને અહોભાવથી વંદન કરી વિદાય લે છે અને સ્વામીજી મધ્યાહ્ન ભોજન પૂર્વે થતી આરતીમાં જોડાવા માટે મંદિરે જાય છે.

શાંતિ....શાંતિ....શાંતિ....

□

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ"
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થનિવાસ"
"આવે જ્યાં એવી દશા સદ્‌ગુરુ બોધ સુહાય"
"તે બોધે સુવિચારણા" "ત્યાં પ્રગટે નિજજ્ઞાન"
"તે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ"
"ઉપજે તે સુવિચારણા, મોક્ષ માર્ગ સમજાય"

શ્રીમદ્

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?

## સુજ્ઞ વાચકોને વિનંતી

આ પુસ્તિકા વાંચી
આપનો પ્રતિભાવ અગર
સલાહ–સૂચનો જણાવશો
તો ઉપયોગી બની રહેશે.

# આવકાર

સમાજશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રના અભ્યાસી હોવાનો દાવો શ્રી કાંતિભાઈએ કદી પણ કર્યો નથી. સમાજમાંના બધા સ્તરોનાં અનેક માણસોનો પરિચય, તેમનાં સુખ–દુઃખનું અવલોકન અને અધ્યયન તથા, સાચી જિજ્ઞાસાથી કરેલું ધર્મચિંતન એમની પાસે છે. એ બંને વિષયોની એમની ઊંડી આંતરસૂઝ, "આત્મદર્શન" નામની એમની પુસ્તિકાની માફક, આ પુસ્તિકા, "સમાજ અને ધર્મનો ઉદ્‌ભવ"માં પણ જોવા મળે છે.

આ પુસ્તિકાનું લખાણ કાગળ પર પ્રથમ અક્ષરદેહ પામ્યું ત્યારથી એ વાંચવાનો અને, શ્રી કાંતિભાઈ સાથે એ વિશે ચર્ચા કરવાનો, લાભ મને મળ્યો છે.

શ્રી કાંતિભાઈની રજૂઆતની રીત સાદી અને વાચકને તરત ગળે ઉતરે તેવી છે. સંવાદ શૈલીની એમને સારી ફાવટ છે. પ્રશ્ન અને તેના ઉત્તર દ્વારા પ્રાકૃતિક પરિબળો, ભય, સહજીવનની અને સમૂહ જીવનની અગત્ય વગેરે બાબતો કાંતિભાઈએ સરસ રીતે મૂકી છે. અને સમૂહ આવ્યો એટલે નિયમન–ધર્મ–આવે જ. પોતાના ઊંડા અવલોકન અને ચિંતન પછી શ્રી કાંતિભાઈ જે તારતમ્ય પર આવ્યા છે તે આ નાની પુસ્તિકા દ્વારા તેમણે સુજ્ઞ જનો સમક્ષ રજૂ કર્યું છે.

એમના અનુભવનું અને ચિંતનનું નવનીત શ્રી કાંતિભાઈએ આપ્યું છે. આ પુસ્તિકાને આવકારતા આનંદ થાય છે.

ડૉ. દુષ્યંત પંડ્યા (પીએચ. ડી.)
(સંન્નિધિ), ૫, પટેલ કોલે
યંત પંડ્યા
જામનગર–૩૬૧ ૦૦૮